# Day to Day Current Affairs

**7 Nov 2015**

## १. ટી.એસ.ઠાકુર દેશના નવા ચીફ જસ્ટિસ :

- દેશના હાલના ચીફ જસ્ટિસ એસ.એલ.દત્તુ બીજી ડિસેમ્બરે નિવૃત થતા તેમના સ્થાને વરિષ્ઠ ન્યાયમૂર્તિ તિર્થસિંહ ઠાકુરની વરણી થઇ છે.

- જસ્ટિસ ઠાકુર દેશના 43માં ચીફ જસ્ટીસ બનશે.

- તેમણે 1972માં જમ્મુ-કાશ્મિર હાઇકોર્ટમાં વકિલાતથી કારકીર્દિની શરૂઆત કરી હતી.

- સપ્ટેમ્બર 2009માં તેઓ સુપ્રિમ કોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે નિમણુંક પામ્યા હતાં.

- ટી.એસ.ઠાકુર જાન્યુઆરી 2017માં નિવૃત થશે.

૨. સ્વચ્છતા કર :

- કેન્દ્ર સરકારે 14 ટકા સર્વિસ ટેક્સ ઉપરાંત 0.5 ટકા સ્વચ્છ ભારત સેસ દાખલ કરવાનું નક્કિ કર્યું છે.

- નાણા પ્રધાન અરૂણ જેટલીએ 2015-2016ના બજેટમાં સ્વચ્છ ભારત સેસની જોગવાઇ કરી હતી. પરંતુ તે વખતે કેટલો કર લેવો એ નક્કી ના હતું.

- નાણાબીલ પાસ થયું તે અનુસાર સરકારને તમામ સેવાઓ ઉપર 2 ટકા સુધી સેસ લેવાનો અધિકાર મળી ગયો હતો.

- આ 0.5 ટકા સ્વચ્છ ભારત સેસ 15 નવેમ્બરથી લેવામાં આવશે.

- 15 નવેમ્બરથી દેશમાં વિમાન પ્રવાસથી માંડીને બેન્કિંગ, ટેલિફોન તેમજ રેસ્ટોરન્ટમાં જમવા જેવી સેવાઓ પર લાગતા 14 ટકા સર્વિસ ટેક્સ ઉપરાંત 0.5 ટકા સ્વચ્છ ભારત સેસ લાગુ થશે.

- આ સેસથી ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન 3800 કરોડ અને ત્યારબાદ વાર્ષિક 1100 કરોડની આવક થશે. જે તમામ રકમ સ્વચ્છ ભારત અભિયાનમાં વપરાશે.

3. રવિચંદ્ર અશ્વિન – ભારતીય ક્રિકેટર

- ભારતીય સ્પીનર અશ્વિને તાજેતરમાં ભારત-સાઉથ આફ્રિકા ફ્રિડમ ટ્રોફી અંતર્ગત પ્રથમ મોહાલી ટેસ્ટમાં પાંચ વિકેટ ઝડપવાની સાથે કારકિર્દીની 150 વિકેટ ઝડપવાની સિધ્ધી હાંસલ કરી.

- અશ્વિને કારકીર્દીની 29મી ટેસ્ટમાં આ સિધ્ધી મેળવી હતી.

- તેણે ભારત તરફથી સૌથી ઓછી ટેસ્ટમાં 150 વિકેટ પુરી કરવાના ઇરાપલી પ્રસન્નાનો રેકોર્ડ તોડી નાખ્યો હતો.

- પ્રસન્નાએ કારકિર્દીની 150મી વિકેટ 34મી ટેસ્ટમાં ઝડપી હતી.

૪. અંકિત રાજપરા – ચેસ :

- તાજેતરમાં ગુજરાતના ગ્રાન્ડ માસ્ટર અંકિત રાજપરાએ સર્બિયામાં રમાયેલી બે ચેસ ટુર્નામેન્ટ જીતી લીધી.

- કુલ 8 દેશના 22 ખેલાડીઓ વચ્ચે રમાયેલી બંને ચેસ ઇવેન્ટમાં અંકિત અજેય રહેતા ચેમ્પિયનશીપ મેળવી હતી.

૫. 'મેઘ'વાવાઝોડું :

- હવામાન ખાતાની માહિતીઅનુસાર અરબી સમુદ્રામાં 'મેઘ' વાવાઝોડું સર્જાયું છે.

- 'મેઘ' વાવાઝોડું યમનના સોકોત્રા ટાપુ તરફ ગતિ કરી રહ્યું ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારને નુકસાન પહોંચડે તેવી શક્યતા હતી પરંતુ ગુજરાતને કોઇ નુકસાન થયું ન હતું.

Vivekanand Academy, Gandhinagar